ગાંધીનગર સમાચાર





# I love my Gandhinagar

## હું મારા ગાંધીનગરને બહુ ચાહું છું...



**શહેરની પ્રથમ ઇંટ બીજી ઓગસ્ટ, ૧૯૬૫માં મુકાઈ હતી : શહેર માટે ‘ગાંધીનગર’ નામની ઘોષણા ૧૬ માર્ચ, ૧૯૬૦ના રોજ કરવામાં આવી હતી. રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા તારીખ ૨૩-૧૨-૧૯૬૯ના દિવસે ગાંધીનગરને રેવન્યૂ વિલેજ તરીકે પ્રસિધ્ધ કરીને ‘ગાંધીનગર’ નામને મંજૂરી અપાઈ હતી**

ગુજરાતના પાટનગર ગાંધીનગરનો આજે જન્મદિન છે. ૫૬ વર્ષ પુરા કરીને ૫૭મા વર્ષમાં પ્રવેશેલા ગાંધીનગરના નામની ઘોષણા ૧૬ માર્ચ, ૧૯૬૦ના રોજ થઈ હતી. ત્યારબાદ ૨-૮-૧૯૬૫ના રોજ જીઈબીમાં પ્રથમ ઈમારતની ઈંટ મુકી હતી. જ્યારે ૨૩-૧૨-૬૯એ આ ઈમારત પુરી થવા સાથે નગરમાં જનજીવનનો ધબકાર શરુ થયો... અને ૧ મે, ૧૯૭૦ના રોજ ગાંધીનગર ખાતે પાટનગર સ્થળાંતર થયું. જેમાં ૩૦-૭-૧૯૭૦ના રોજ ગાંધીનગર નોટીફાઈડ વિસ્તાર જાહેર કરવામાં આવ્યો. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નામ પરથી સાબરમતી નદીના કિનારે વસાવાયેલા ગાંધીનગરમાં ઈમારતોની શરૂઆત જીઈબી કોલોનીના ગેસ્ટ હાઉસથી થઈ હતી. જ્યારે ગાંધીનગરમાં પ્રથમ સચિવાલય અમદાવાદમાં હાલના પોલીટેકનીક મકાનથી ખસેડી લવાયું. આ જુના સચિવાલય એટલે કે ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાનું નામકરણ ધરાવતી ઈમારતમાં સ્થળાંતર થયું. આ પછી ૧૧ જુલાઈ, ૧૯૮૫ના રોજ નવા સચિવાલયમાં ૯ માળના કુલ બે બ્લોકમાં નંબર ૧ થી ૧૪ કાર્યરત થયા. જ્યાં મુખ્યમંત્રી સહિત મંત્રીઓ માટે બ્લોક નં. ૧-૨માં વિશિષ્ટ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી હતી. આ પછી ૬ વર્ષ પહેલા જ સ્વર્ણિમ સંકુલ ૧ અને ૨નું નિર્માણ કરતા મુખ્યમંત્રી અને મંત્રીમંડળ તેમાં કાર્યરત છે. ગાંધીનગર ગુજરાતનું સાતમું પાટનગર છે. આ અગાઉ પ્રથમ આનર્તપુર, બીજુ દ્વારાવતી, ત્રીજુ ગીરીનગર, ચોથું વલ્લામી, પાંચમું અણહીલપુર, છઠ્ઠું અમદાવાદ અને સાતમું ગાંધીનગર પાટનગર બન્યું હતું. શહેરના યુવાનોમાં નવો જોશ અને નવો ઉમંગ ઊભરી રહ્યો છે. અને તેમની દૃષ્ટિએ ગાંધીનગર એમને કેમ ગમે છે ? એ જાણવા માટે ગાંધીનગર સમાચારે પ્રયાસ કર્યો છે જે અત્રે સંક્ષિપ્તરૂપે પ્રસ્તુત છે. I Love My Gandhinagar.








ગાંધીનગર એક શહેર નહીં એક લાગણીનું સંબોધન છે. દેશનું સૌથી હરિયાળું, સુઆયોજિત, વિકાસશીલ નગર તથા દરેક જાતી, વર્ગ, રોજગારવાળા લોકો માટે સ્વીકાર્ય એવું આપણું સુંદર ગાંધીનગર.

- સ્મીત પટેલ



બીજા રાજ્યોમાંથી પધારેલા અમારા જેવા ધંધાદારીઓ, નોકરીયાત લોકો માટે સૌથી ઉત્તમ સ્થળ એટલે એકમાત્ર ગાંધીનગર, અહીંયાના લોકો માની સ્વીકૃતિ, સહનશીલતા, મિલનસાર સ્વભાવ બધાને મોહી લે છે. હું આ ભૂમિને શત્ શત્ નમન કરું છું.

- કૈલાશ મોદી



ગાંધીનગરએ છોકરીઓ માટે સૌથી સુરક્ષિત શહેર છે. હું કોઈ જ ડર વિના રાત્રે મિત્રો સાથે બહાર નીકળી શકું છું. અને એ તો શ્રેય અહીંયાના સમજુ રહેવાસીઓ તથા પોલીસ અધિકારીઓને જાય છે. હું પુરા દિલથી આભાર માનીશ કે આજ સુધી મારી સાથે કોઈ અનિચ્છનીય બનાવ નથી બન્યો એટલે જ મને ગાંધીનગર વધારે પ્રિય છે.

- વિશ્વા ઠક્કર




હું કેનેડા આવ્યો પણ ગાંધીનગર શહેર જેવી મજા અહીંયા ક્યાય નથી. હું પોતે અહીંયા બધું સેટ થયેલું છોડીને પરત આવાનો છું. મારા વતન મારી પ્રેમ નગરીમાં.. ના ઈસ્ટ, ના વેસ્ટ, ગાંધીનગર છે સૌથી બેસ્ટ...

- આદિત્ય ડાભી



ગાંધીનગર એટલે ગ્રીન સીટી આ એ વાક્ય છે જે બતાવે છે કે ગાંધીનગર એ કેવા પ્રકારની સીટી છે. ગ્રીન એટલે લીલો જે સમૃધ્ધિને દર્શાવે છે અને આ સમૃધ્ય સીટી મને એટલા માટે ગમે છે કે અહીંયા રહેવા માટે ખૂબ જ અનુકૂળ વાતાવરણ મળી રહે છે સાથે શહેરમાં તમામ પ્રકારની સુવિધાઓ જરૂરિયાત પ્રમાણે મળી રહે છે. આખું શહેર લીલોત્તરીથી છવાયેલું રહે છે. ગાંધીનગરમાં ૨૪ કલાક બસોની સુવિધા છે. મને જીવન જરૂરિયાત વસ્તુઓ સહિત મેડિકલ અને ટ્રાવેલિંગની સગવડ પણ મલી રહે છે જેથી મને ગાંધીનગરમાં રહેવું ગમે છે.

- યુવરાજસિંહ ગોહિલ



ગાંધીનગરમાં ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ આવ્યા બાદ હવે માર્ગો પર સરળતાથી વાહન લીને નીકળી શકીએ છે. ગાંધીનગરમાં ફેમશ મંદિર અક્ષરધામની મુલાકાત દરેક લોકોએ કરવી જ જોઈએ તે ખૂબ સુંદર અને જોવાલાયક સ્થળ છે. ગાંધીનગર બીજી સીટીઝ કરતા શાંત વાતાવરણવાળું શહેર છે. જેથી મને ગમે છે.

- સુનિતા સિંઘ



ગાંધીનગર મને ગમે છે. જ્યાં વિવિધ પ્રકારના વૃક્ષો છે, સરસમજાના બગીચાઓ છે, આનંદથી જીવન જીવવાની તમામ સુવિધાઓ આ નગરમાં છે. શિક્ષણ માટે શ્રેષ્ઠ છે. તમામ પ્રકારની ચિકિત્સાની સુવિધાઓ છે. ‘કલ્ચર ફોરમ’ જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિ કરતી અને ‘ભારત વિકાસ પરિષદ’ જેવી સેવાકીય પ્રવૃત્તિ કરતી શ્રેષ્ઠ સંસ્થાઓ છે, તેમજ કલાકારો, કવિઓ, લેખકો અને સાહિત્યકારો પણ આ નગરમાં છે. આમ અનેક વિવિધતાથી સભર એવું મારું રૂડું મજાનું ગાંધીનગર મને ગમે છે.

- પ્રવિણ આર. વઘાસિયા (નિવૃત્ત મેમ્બર જી.પી.એસ.સી.)



ગાંધીનગરમાં પ્રદૂષણ નથી, નિયમોનું પાલન થાય છે, બધા સંપથી રહે છે. ગાંધીનગર જેવું બીજું કોઈ શહેર નથી. નગરમાં માર્ગો સ્વચ્છ છે. જગ્યા જગ્યા એ કચરાપેટી રાખેલી છે. ઘરે ઘરે કચરો લેવા આવે છે. એવી સરસ સગવડ ભરેલું ગાંધીનગર છે. હું અહીંયા જ રહેવા માગું છું જય જય ગરવી ગુજરાત હું ગર્વથી કહું છું હું ગુજરાતી છું.

- જીગર દરજી



મને ગાંધીનગર ગમે છે કારણ કે સ્વચ્છતાની જાળવણી કરવામાં આવે છે. નગર ખૂબ જ સ્વચ્છ અને વૃક્ષોથી ભરપુર છે. તેથી પ્રદૂષણ પણ નથી. પ્રદૂષણ મુક્ત સીટીમાં રહેવાની મજા આવે છે.

- દિગ્નેશ ભાઈ



ગાંધીનગર મને ગમે છે કારણ કે એ મારું છે. આ શહેર કોઈનું નહોતું પણ એણે બધાને પોતાના કર્યા છે. આ નામ સાથે મારું હસતું રમતું બાળપણ જોડાયેલું છે. મારી આનંદ સભર યુવાની અહીં વીતેલી છે. આ નગરે મને પોતાના ખોળામાં ખૂબ જ વ્હાલથી મોટો કર્યો છે. પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ સ્નાતક પદવી સુધીનું ભણતર મને મારા ગાંધીનગરમાં મળ્યું છે. ચીર યૌવનકાળમાં પ્રવેશેલું ગાંધીનગર આજે પોતાના સર્વાંગી વિકાસ દ્વારા સમગ્ર દેશના લોકોને અમૂલ્ય તકો આપી રહ્યું છે. જેનો મને એક ‘ગાંધીનગરા’ તરીકે ગર્વ છે.

- પ્રેરક વસાવડા



મારું ગાંધીનગર, આપણું ગાંધીનગર એના વિષે લખવું એટલે ઘણું રોમાંચક લાગે. છેલ્લા પાંચ દાયકામાં ગાંધીનગર શહેરે ચતુર્દિશામાં વિકાસની હરણફાળ ભરી છે. નગરની સેવાભાવી સંસ્થાઓ દ્વારા ઘણી બધી સેવા અપાય છે. શહેરની કલા સંસ્કૃતિની અનેક સંસ્થા દ્વારા વસાહતીઓને મનોરંજન પુરું પડાય છે. સાંસ્કૃતિક સંસ્થા દ્વારા જ્ઞાન પણ પીરસાય છે. સેક્ટર-૧૬ ને હું ક્યારેય ભૂલી નહી શકું. બાળપણનો પાયો જ ત્યાં વીત્યો ફક્ત ૮ દિવસ મોટું ગાંધીનગર આજે મહીના અને વર્ષ પ્રમાણે સાથે પ્રૌઢાવસ્થામાં પ્રવેશી ચૂક્યા છીએ. આગામી વર્ષોમાં પણ સાથે જ વસવાટ કરીએ અને નગરમાં રહેવાનો આનંદ મેળવીએ. હેપ્પી બર્થ ડે ગાંધીનગર.

- પારુલ એન. ત્રિવેદી











બધા જ ધર્મ - જાતિના લોકો અહીંયા વસવાટ કરે છે. કોઈપણ ભેદભાવ વગર સર્વ ધર્મ સંભાવવાળું આવું ગાંધીનગર કોને ના ગમે ? ગાંધીનગરના સ્વચ્છ - સુંદર રોડ - રસ્તાનું આયોજન જેમાં દરેક માર્ગને અલગ ફૂલ-છોડ વડે શણગારવામાં આવ્યા છે. વસંતમાં તો જાણે કોઈ નવોઢા શણગાર સજીને બેઠી હોય તેવું લાગે. તેમાં પણ ગરમાળો તો સોળે કળાએ ખીલે છે. પીળા- કેસરી ફૂલ ગાંધીનગરની એક આગવી ઓળખ ઉભી કરે છે. જ્યારે કોઈપણ જગ્યાએથી પાછા વળતાં ગાંધીનગરમાં પ્રવેશો ત્યારે એક અલગ જ ઠંડક પ્રસરી જાય છે. કારણ કે મારા ગાંધીનગરને એક બિરુદ મળ્યું છે. ‘ગ્રીન સીટી’ તેનો મને ગર્વ છે.

- લતા એન. શુકલા (સાહિત્ય સભાના સભ્ય)



ગાંધીનગર મને ગમે છે. શહેરની લીલોતરી જોઈને આંખોને સંતોષ મળે છે. રસ્તાની બાજુમાં લીલી પટ્ટીઓ પર સાંજની સાયકલિંગ કરી શકાય છે અને તાજી હવાનો પણ અનુભવ મળી રહે છે. સૌને અનુકૂળ આવે એવું સિટી છે. સુરક્ષાના મુદ્દે પરફેક્ટ છે. લોકો મદદ માટે હંમેશા તૈયાર રહે છે.

- જગદીશ સુથાર



ગાંધીનગર ગુજરાતનું બેસ્ટ સીટી છે. શિક્ષણ વ્યવસ્થાથી લઈ ખાણી-પીણીની દરેક બાબતોમાં આ શહેર બેસ્ટ છે. શાંત વાતાવરણ મળવાના કારણો હું સુરતથી ગાંધીનગરમાં રહેવા આવ્યો છું અને મને પોલ્યુશન મુક્ત વાતાવરણ ખૂબ ગમે છે. જેથી ગાંધીનગર મને ગમે છે.

- નિકુંજ મોદી



મને ગાંધીનગર ગમે છે. કારણ કે ગાંધીનગર એશિયાનું સૌથી સ્વચ્છ નગર છે. અહીંનું વાતાવરણ સુંદર અને શાંત છે. બાલકો માટે સુંદર બગીચાઓ આવેલા છે. સેક્ટરોની ગોઠવણી, શાળાઓ, હોસ્પિટલો, મંદિરો, હોટલો વગેરે જેવી સુવિધાઓ છે. ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન, ગીફ્ટ સીટી, ફાઈવ સ્ટાર હોટલ, પી.ડી.પી.યુ., મહાત્મા મંદિરની રચના થઈ છે. તે સાથે ઘણું બધુ ડેવલોપમેન્ટ થઈ રહ્યું છે અને ખૂબ જ સરસ પ્લાનિંગ સાથે વિકાસ થઈ રહ્યો છે.

- નિસર્ગ હસમુખભાઈ પટેલ



પોલીસભવન, વિધાનસભા, વિવિધ કચેરીઓ, નર્સરીઓ, ગાર્ડનો, ગીફ્ટસીટી, મહાત્મા મંદિર, કેપિટલ રેલ્વે સ્ટેશન, સાઈ (સ્પોર્ટસ સંકુલ), કોલેજો-શાળાઓ, ઉદ્યાનો, સચિવાલય, રસ્તાઓ પર સીસીટીવીની સુવિધા, નવરાત્રી દરમિયાન કલ્ચર ફોરમની થીમનું આયોજન, અક્ષરધામ મંદિર, સામુહિક આરોગ્ય કેન્દ્ર વગેરે સુવિધાઓથી ભરપૂર આપણું ગાંધીનગર સૌથી સુંદર અને જોવાલાયક સ્થળ છે. એટલે ગાંધીનગર મને ગમે છે.

- મનહર



મારું ગાંધીનગર સ્વચ્છ અને હરીયાળું નગર છે. અહીં વસતા લોકો આ નગરને પણ સ્વચ્છ અને સુંદર રાખે છે. અહીંયાના લોકો મોજીલા અને મહેનતું છે. ગાંધીનગરમાં સુવિધાઓ જેવી કે રસ્તા, વીજળી, શિક્ષણ અને આરોગ્ય વગેરે અતિ સુંદર અને ઝડપી છે. આથી મારું આ હરિયાળું પાટનગર મને ખૂબ ગમે છે.

- આર.એન. વાઢેર



જેમ ભારત માટે સપનાની દુનિયા છે મુંબઈ તેમ ગુજરાતના યુવાનોની કારકીર્દી નિર્માણના પગથિયા છે. ગાંધીનગર, જ્યાં લાખો યુવાનો પોતાના સપના પુરા કરવા ગાંધીનગરને પોતાનું ઘર માની બેઠા છે અને આ યુવાનમાં હું પણ એક છું એટલે ગાંધીનગર મને ગમે છે.

- હિમાંશુ સુતરીયા



ગાંધીનગરનો ગરમાળો, ગાંધીનગરની લીલોતરી અને ગાંધીનગરનું રમણીય વાતાવરણ, આ સાથે જ સુવિધાઓ અને સુરક્ષાએ ગાંધીનગરની ખાસિયત છે. ગુજરાતની રાજધાની હોવાની સાથે સાથે ગુજરાતીઓ માટે રહેવા લાયક ઉત્તમ સ્થળ એટલે ગાંધીનગર.

- ચીરાગ વડોદરિયા (ડી.જે. અનબિટેબલ)



ગાંધીનગરમાં રહીને ગાંધીવાદી બની જવાય છે. સિંધુ સભ્યતા જેવી નગર રચના અને તે જ નગરમાં રહેતા શિક્ષિત સભ્યો જીવનનાં સાચા મૂલ્યનું ભાન કરાવે છે. તેથી ગાંધીનગર મને ગમે છે.

- વિશાલ બલાત



ગાંધીનગરની સુંદરતા અને સ્વચ્છતા મને અતિપ્રિય છે. નગર રહેવાસી પણ સ્વની અંદર રહેનારા છે એટલે વસવાટ શાંતિમય બની રહે છે.

- પિયુષસિંહ સોલંકી (પિયુષ)



મારું ગાંધીનગર જાણે મારી સાથે જ મોટું થયું છે. નાનપણમાં જે ગુલાબ ઉદ્યાનમાંથી ગુલાબ તોડ્યા છે એ જગ્યાએ આજે સુંદર મજાનો સ્વર્ણિમ પાર્ક જોઈને ખૂબ આનંદ થાય છે. આંબાની કેરીઓ પથ્થર મારીને તોડી છે. એવા ઘણાં આંબા આજે પણ વહાલ વરસાવતા અડીખમ ઉભા છે. દરેક ઋતુમાં નવા શણગાર ધરતું નગર ચોમાસામાં તો જાણે, હીલ સ્ટેશનની અનુભૂતિ કરાવે છે. આવા સુંદર સ્વચ્છ નગરમાં રમવાનો, મોટા થવાનો, જીવવાનો મને લ્હાવો મળ્યો છે એનો ખૂબ આનંદ છે. ગર્વ છે. I LOVE GANDHINAGAR.

- ભવ્યા ભટ્ટ









અહેવાલ સંકલન : સુસ્મિતા ડામોર